# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-02-2025** **Midday: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

### આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1) આગામી નવા મુખ્ય ચૂંટણી કમિશનરની પસંદગી માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાનીમાં આજે બેઠક મળશે
2) નવી દિલ્હી અને એનસીઆરમાં આજે સવારે 4 ની તીવ્રતાના ભૂકંપથી દોડધામ
3) દેશના 60 સૌથી વ્યસ્ત અને ભીડવાળા રેલવે મથક પર પર્માનેન્ટ હૉલ્ડિંગ એરિયા બનાવાશે
4) દક્ષિણ કૉરિયાની સરકારે ચીનની - A.I. એપ્લિકેશન ડીપસીકની સ્થાનિક સેવાને કામચલાઉ રીતે બંધ કરી
5) ક્રિકેટમાં, મહિલા પ્રિમીયર લીગમાં વડોદરામાં આજે દિલ્હી કેપિટલ્સનો રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે મુકાબલો

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## NEW CEC

**દેશનાં નવા મુખ્ય ચૂંટણી કમિશનરની પસંદગી માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાનીમાં ત્રણ સભ્યોની પસંદગી સમિતિની બેઠક આજે મળશે. સમિતિમાં શ્રી મોદી ઉપરાંત, લોકસભામાં વિરોધ પક્ષનાં નેતા રાહુલ ગાંધી અને પ્રધાનમંત્રી દ્વારા નોમિનેટ થનારા કેન્દ્રીય મંત્રીનો સમાવેશ થાય છે. સૂત્રોનાં જણાવ્યા પ્રમાણે કાયદા મંત્રી અર્જુનરામ મેઘવાલ પણ બેઠકમાં ભાગ લેશે.**

**ઉલ્લેખનીય છે કે, મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર વયમર્યાદાને કારણે આવતી કાલે નિવૃત્ત થઈ રહ્યા છે.**

**ડિસેમ્બર 2023માં નવો કાયદો અમલમાં આવ્યા બાદ મુખ્ય ચૂંટણી કમિશનરની આ પ્રથમ નિયુક્તિ હશે. માર્ચ, 2024માં એસ એસ સંધુ અને જ્ઞાનેશ કુમારને ચૂંટણી કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BHARAT TEX EXPO PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, વિશ્વ પર્યાવરણ અને સશક્તિકરણ માટે ફેશનનો અભિગમ અપનાવી રહ્યું છે અને આ સંદર્ભમાં ભારત આગેવાની લઈ શકે છે. તેમણે ખાદી અને આદિવાસી કાપડને ટાંકતા જણાવ્યું કે, સાતત્યતા એ ભારતીય કાપડ પરંપરાનો હિસ્સો રહ્યો છે.

ગઈ કાલે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે ભારત ટેક્સ 2025 ખાતે ઉપસ્થિતોને સંબોધતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, ભારતની પરંપરાગત સાતત્યપૂર્ણ ટેકનિકમાં હવે અત્યાધુનિક ટેકનોલોજીની મદદથી વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે,

જેનો લાભ કાપડ ઉદ્યોગ સાથે સંકળાયેલા કલાકારો, વણકરો અને કરોડો મહિલાઓને થઈ રહ્યો છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, સરકાર 2030 સુધીમાં કાપડ નિકાસને હાલના ત્રણ લાખ કરોડ રૂપિયાથી વધારીને નવ લાખ કરોડ રૂપિયા કરવાનું લક્ષ્ય રાખે છે.

**(BYTE : PM )**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## EARTHQUAKE

નવી દિલ્હી અને એનસીઆરનાં અનેક ભાગમાં આજે સવારે પાંચ વાગીને 36 મિનિટે 4ની તીવ્રતાના ભૂકંપના આંચકાઓ અનુભવાયા હતા. ભૂકંપ ગણતરીની સેકન્ડ માટે જ અનુભવાયો હતો, પરંતુ તેની તીવ્રતા વધુ હોવાથી લોકો વિચલિત થઈ ગયા હતા. અસરગ્રસ્ત વિસ્તારના લોકોએ તાત્કાલિક બિલ્ડિંગ ખાલી કરીને સલામત સ્થળે આશરો લીધો હતો.

ભુકંપનું કેન્દ્રબિંદુ દિલ્હી નજીક પાંચ કિલોમીટરની ઉંડાઈએ હતું. દિલ્હી, નોયડા, ઇન્દિરાપુરમ અને એનસીઆરનાં કેટલાંક વિસ્તારમાં ભુકંપનો આંચકો અનુભવાયો હતો. જોકે જાનમાલને નુકસાનના કોઈ સમાચાર નથી.

બિહારનાં સિવાનમાં પણ આજે સવારે ભૂકંપનો આંચકો અનુભવાયો હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મિડીયા પ્લેટફોર્મ એક્સ પર દિલ્હી-એનસીઆરનાં નિવાસીઓને શાંત રહેવા અને સલામતી માટેનાં પગલાંનું પાલન કરવા વિનંતી કરી છે.

ઉલ્લેખનીય છે કે, દિલ્હી-એનસીઆર સિસ્મિક ઝોન ફોર હેઠળ આવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## RAILWAY STATIONS

દેશના 60 સૌથી વ્યસ્ત અને ભીડવાળા રેલવે મથક પર પર્માનેન્ટ હૉલ્ડિંગ એરિયા બનાવવામાં આવશે. રેલવે મથક પર વધતી ભીડને નિયંત્રણમાં લેવા માટે ભારતીય રેલવે દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. નવી દિલ્હી રેલવે મથક પર થયેલી દુર્ઘટના મામલે તપાસ પૂરી થયા બાદ કાર્યવાહી કરાશે એમ પણ ભારતીય રેલવે દ્વારા જણાવાયું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## TRAIN PRAYAGRAJ

ઉત્તર રેલવેએ આગામી દિવસોમાં નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે કેટલાક પગલાં લીધા છે. રેલ્વેએ એક નિવેદનમાં જણાવ્યું છે કે પ્રયાગરાજ જતી બધી વિશેષ ટ્રેનો પ્લેટફોર્મ નંબર 16થી ચલાવવામાં આવશે. જ્યારે  નિયમિત ટ્રેનો બધા પ્લેટફોર્મ પરથી ચલાવવામાં આવશે. આ ઉપરાંત, નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર રેલ્વે સુરક્ષા દળની તૈનાતી વધારવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## VP CHANDIGARH

ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે ચંદીગઢ, મોહાલી અને પંજાબના એક દિવસના પ્રવાસે છે. આજે સવારે શ્રી ધનખડ સૌથી પહેલા ચંદીગઢ પહોંચ્યા હતા. હવાઈમથક પર હરિયાણાના રાજ્યપાલ બંદારુ દત્તાત્રેય, પંજાબના મંત્રી તરૂણપ્રીતસિંહ સોંદ, હરિયાણાના મંત્રી શ્યામસિંહ રાણા સહિતના મહાનુભાવોએ શ્રી ધનખડનું સ્વાગત કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, શ્રી ધનખડ મોહાલી સ્થિત રાષ્ટ્રીય કૃષિ ખાદ્ય અને બાયોમેન્યુફેક્ચરિંગ સંસ્થા- NABI ખાતે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. ઉપરાંત તેઓ ભારતીય વિજ્ઞાન શિક્ષણ અને સંશોધન સંસ્થાના સ્ટાફના સભ્યો તેમજ વિદ્યાર્થીઓ સાથે યોજાનારા એક સત્રની પણ અધ્યક્ષતા કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . .

# SOUTH KOREA DEEPSEEK

દક્ષિણ કૉરિયાની સરકારે ડેટા સંગ્રહ અભ્યાસ સંલગ્ન ચિંતાઓ અંગે ચીનની કૃત્રિમ બુદ્ધિમત્તા -A.I.ની એપ્લિકેશન ડીપસીકની સ્થાનિક સેવાને કામચલાઉ રીતે બંધ કરી છે. ડેટા મેનેજમેન્ટ પ્રેક્ટિસ અંગે પોતાની ચિંતાના કારણે અનેક સરકારી સંસ્થાઓ દ્વારા ડીપસીક એપ્લિકેશનની પહોંચને બ્લૉક કર્યા બાદ આ નિર્ણય લેવાયો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ISRO PROPELLANT

**ભારતે સોલિડ રૉકેટ મોટર માટે વિશ્વની સૌથી મોટા 10 ટન પ્રૉપેલૅન્ટ મિક્સર બનાવ્યું છે. આ પ્રણાલીની ડિઝાઈન અને નિર્માણ કરીને ઈસરોએ માત્ર ટેક્નિકલ કુશળતાને તો પ્રદર્શિત કરે જ છે, પરંતુ આત્મનિર્ભર ભારત સ્પેસ પહેલ અંતર્ગત અંતરિક્ષ ટેક્નોલૉજીમાં આત્મનિર્ભરતાને પણ મજબૂત કરે છે.**

**આ પ્રૉપેલૅન્ટ મિક્સર ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા-ઈસરોના સતીષ ધવન અંતરિક્ષ કેન્દ્રએ બેંગ્લોરમાં કેન્દ્રીય ઉત્પાદન ટેક્નોલૉજી સંસ્થાના સહકારથી તૈયાર કરાયું છે. આ રૉકેટ પ્રક્ષેપણ માટે જરૂરી ઘન પ્રૉપેલન્ટ ઘટકોનું ચોક્કસ અને સલામત મિશ્રણ સુનિશ્ચિત કરે છે. ઈસરોએ આને અંતરિક્ષ ટેક્નોલૉજીમાં ભારતની વધતી આત્મનિર્ભરતાનું પ્રતિક ગણાવ્યું છે. આ રિમોટ કન્ટ્રોલ મિક્સર ગયા સપ્તાહે જ ઇસરોને સોંપાયું હતું.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# FRANCE-EU-SUMMIT-UKRAINE

યુક્રેન સંઘર્ષ પર આવતીકાલે યોજાનારી શિખર બેઠકમા ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રો અને બ્રિટનના પ્રધાનમંત્રી સહિતના યુરોપના નેતાઓ ભાગ લેશે.જેમાં જર્મન ચાન્સેલર ઓલાફ શોલ્ઝ, પોલેન્ડના પ્રધાનમંત્રી ડોનાલ્ડ ટસ્ક, ઇટાલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોની પણ બેઠકમાં ભાગ લે તેવી શક્યતા રહેવાની શક્યતા છે. ઉલેખનીય છે કે ફ્રાંસના રાષ્ટ્રપતિએ પરામર્શ વાટાઘાટો માટે હાકલ કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# G7-UKRAINE

યુક્રેનમાં કાયમી શાંતિ લાવવામાં મદદ કરવા માટે જર્મનીના મ્યુનિકમાં ગ્રુપ ઓફ સેવન-G7 દેશોના વિદેશ મંત્રીઓની બેઠક યોજાઇ. આ બેઠકમાં બ્રિટન, કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઇટાલી, જાપાન અને અમેરિકા ઉપરાંત યુરોપિયન યુનિયનના બનેલા G7 મંત્રીઓએ શાંતિ માટે સાથે મળીને કામ કરવાનું વચન આપ્યું. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પદ સંભાળ્યા પછી G7 વિદેશ મંત્રીઓની આ પ્રથમ બેઠક હતી. યુક્રેનના વિદેશ મંત્રી એન્ડ્રી સિબિહા પણ બેઠકમાં જોડાયા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# META-UNDER-SEA CABLE

ફેસબૂક, ઇન્સ્ટાગ્રામ અને વ્હોટ્સએપની માલિકી ધરાવતી કંપની મેટાએ ભારત અને અમેરિકા વચ્ચે ડિઝિટલ સંપર્ક વધારવા સમુદ્રમાં 50 હજાર કિલોમીટર કેબલ પાથરવાની જાહેરાત કરી છે. આ પરિયોજનાને વૉટરવાર્થ નામ અપાયું છે. મેટાના અનુસાર વિશ્વની આ સૌથી લાંબી પરિયોજનાનો લાભ બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકા અને કેટલાક અન્ય મુખ્ય વિસ્તારને મળશે.

. . . . . . . . . . . . . . . .

## WPL

ક્રિકેટમાં, મહિલાઓ માટેની પ્રિમીયર લીગમાં વડોદરાના કોટામ્બી સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલનો સામનો રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે થશે. મેચ સાંજે સાડા સાત કલાકે શરૂ થશે.

ગઈ કાલે ગુજરાત જાયન્ટ્સે યુપી વોરિયર્ઝને છ વિકેટે પરાજય આપ્યો હતો. અગાઉ, ગુજરાત જાયન્ટ્સે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી હતી. 144 રનનાં લક્ષ્યાંકનો પીછો કરતા ગુજરાત જાયન્ટ્સે 18 ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને લક્ષ્યાંક પાર કર્યો હતો. કેપ્ટન એશ્લી ગાર્ડનર 52 રન બનાવીને 'પ્લેયર ઓફ ધ મેચ' બન્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# HOCKEY- FIH PRO LEAGUE

ભારતીય પુરુષ હોકી ટીમે ગઈકાલે ભુવનેશ્વરના કલિંગા સ્ટેડિયમમાં સ્પેન સામે 2-0થી વિજય મેળવીને FIH પ્રો લીગમાં પોતાના પ્રથમ પોઈન્ટ મેળવ્યા છે. પ્રથમ મેચમાં 1-3થી હાર્યા બાદ ભારતે ગઈકાલે રમાયેલી મેચમાં પ્રભુત્વ જમાવ્યું હતું. મનદીપ સિંહે 32મી મિનિટે ત્યારબાદ 39મી મિનિટે દિલપ્રીત સિંહે ગોલ કર્યો હતો. ભારતીય પુરુષ ટીમનો મુકાબલો આવતીકાલે જર્મની સામે થશે.

આ સાથે મહિલાઓની હોકી મેચમાં ભારતનો ઇંગ્લેન્ડ સામે શૂટઆઉટમાં 1-2થી પરાજય થયો હતો. ભારત તરફથી નવનીત કૌર અને રુતુજા પિસાલે ગોલ કર્યો હતો. ભારતીય મહિલા ટીમ આવતીકાલે સ્પેન સામે રમશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .